# જ્યારે આપણે ભયભીત અને શરમીંદા હોઈએ છીએ ત્યારે દેવ આપણી સહાય કરે છે.

પ્રભુને પ્રાર્થના કરો કે આ અભ્યાસ દ્વારા દરેક બાળક શીખે કે પ્રભુમાં શાંતિ અને સલામતી છે.

**તૈયારી :** કેટલાંક સુંવાળા પથ્થરો એકઠા કરો બાળકો આ પથ્થર ઉપર લખી શકે તેવા પથ્થર લેવા.



૧ શમૂ. ૧૭:૨૦-૫૧ની વાર્તા વાંચો અથવા મોઢે કહી જાવ. આ દાઉદ અને ગોલ્યાથની વાર્તા છે. બને તો મોટો છોકરો આ વાર્તા વાંચી જાય. દેવની શક્તિ કે પરાક્રમ શરમ અને ભય ઉપર આપણને વિજય આપે છે.

- દાઉદના ભાઈઓ સૈન્યમાં યુદ્ધ કરતા હતા ત્યારે દાઉદ શું કરતો હતો ?
- પોતાના પિતાના ઘેટાં ચરાવતી વખતે દાઉદ શું કરવાનું શીખ્યો ?
- દાઉદ રણક્ષેત્રમાં આવ્યો ત્યારે તેના ભાઈઓએ શી ફરિયાદ કરી ?
- દાઉદે લડવા જતી વખતે શાઉલનું બખ્તર પહેરવાની શા માટે ના પાડી ?
- ગોલ્યાથ રાક્ષસ સામે લડવા જતી વખતે દાઉદને કોણે મજબૂત બનાવ્યો ?
- લોકોને બીવડાવી રહેલા રાક્ષસને મારી નાખવા માટે દેવે આ જુવાન છોકરાની કેવી રીતે મદદ કરી ?



**પ્રવૃત્તિ :** આપણી બીકોને પરાજ્ય આપવો.

- લોકોમાં હોય તેવી સામાન્ય બીકો એક કાગળના મોટા ટુકડા પર લખો. બાળકો પણ પોતાની બીકો વર્ણવી શકે.
- એક મોટો છોકરો પથ્થરો ઉપર G O D શબ્દો લખે. ઉદાહરણ તરીકે, ''પરાક્રમી'', ''સર્વજ્ઞાની'', ''મને પ્રેમ કરનાર'', ''સર્વવ્યાપી'' અને ''મારો તારણહાર'' બાળકો તે પથ્થરો વડે પેલા બીક લખેલા કાગળ ઉપર મારો ચલાવે આ પ્રવૃત્તિ હોલની બહાર કરવી.

કેટલીક વિચારવાલાયક બાબત- પથ્થરો આપણને દેવનું મજબૂત સામાર્થ્ય, જે નબળા લોકોનું રક્ષણ કરે છે તે બતાવે છે. દાઉદે ગોલ્યાથને મારેલો પથ્થર નાનો હતો પણ દેવેતેને શક્તિશાળી બનાવ્યો.



**પરાત્પરનું શરણસ્થાન** ગી.શા. ૯૧ના ચાર ભાગ ચાર બાળકો વાંચે અથવા મોઢે કહે અથવા ગાય (કલમો ૧-૨, ૪-૫, ૬-૭,૧૧-૧૨)

પરાત્પરના ગુપ્તસ્થાનમાં જે વસે છે.
તે સર્વસમર્થની છાયામાં રહેશે
હું યહોવાહ વિશે કહીશ કે તે મારો આશ્રય તથા કિલ્લો છે.
એ જ મારો દેવ છે, તેના પર હું ભરોસો રાખું છું.
તે પોતાના પીછાથી તને ઢાંકશે
અને તેનીં પાંખો તળે તને આશ્રય મળશે.
રાત્રિના ભયથી તને બીક લાગશે નહિ
કે દહાડે ઉડનાર તીરથી,
અંધારામાં ચાલનાર મરકીથી કે
બપોરે નાશ કરનાર પ્લેગ (મહામારી) થી તું બીશ નહિ.
તારી બાજુએ હજાર અને તારી જમણે હાથે
દસ હજાર માણસો પડશે પણ તે તારી પાસે આવશે નહિ.
તને તારા સર્વ માર્ગમાં સંભાળવાને માટે તે
પોતાના દૂતોને આજ્ઞા આપશે.
તેઓ પોતાને હાથે તને ધરી રાખશે
રખને તારો પગ પથ્થર પર અફળાય

**દાઉદ અને ગોલ્યાથની વાર્તાનું નાટક** કરો ૧ શમૂ. ૧૭ :૧-૫૧

- સભાના આગેવાન પાસે આ નાટક ભજવવાની મંજુરી લો.
- જો સમય ઓછો હોય તો ઓછા અગત્યના ભાગો ઓછાં કરી નાખો.
- કેટલાક બાળકો પલિસ્તી સૈનિકો બને, કેટલાક ઈસ્ત્રાએલી સૈનિકો બને. જો બાળકો ઓછા પડે તો સભાજનોની મદદ લેવી.
- દરેકે શું કરવું અને કહેવું તે બરાબર પાકું થાય ત્યાં સુધી પ્રેકટીસ કરો.

જ્યારે વર્ણન કરનાર વાર્તાનો ભાગ વાંચે ત્યારે ભાગ લેનારાઓ બાઈબલમાંના જે તે પાત્રના સંવાદો બોલે અને એકટીંગ કરે.

**ઉદ્‌ઘોષક :** સંવાદ ના હોય તેવોભાગ તે વાંચી જાય પછી ભાગ લેનારાઓને તે ભજવવા માટે પોતે શાંત રહે બે બાળકો એક યિશાઈ અને એક રાજા બને.

**ગોલિયાથ :** હાથમાં લાકડી પકડે (તલવાર તરીકે) અને જોરથી તેમજ ગુસ્સાથી બૂમો પાડે.

**દાઉદ :** ગોફણ વાપરવાનો અભિનય કરે. ગોફણ એ બે દોરી બાંધેલો ચામડાનો ટુકડો હોય છે. આ ચામડામાં પથ્થર મૂકીને દોરીના બંને છેડા એક હાથે પકડીને ગોળ ગોળ ફરાવીને એક છેડો છોડવાનો હોય છે જેથી પથ્થર ફંગોળાય

**પ્રાર્થના :** સ્વર્ગમાનાં સર્વશક્તિમાન પ્રભુ ભય ઉપર વિજય મેળવવામાં અમારી સહાય કરો. જેમ તમે દાઉદને તમારા સામર્થ્યમાં ભરોસો અને વિશ્વાસ આપ્યો તેમ અમને આપો. ઈસુના નામમાં, આમેન

Copyright © 2003 by Paul-Timothy. Download Paul-Timothy studies freely from
www.Paul-Timothy.net.